નગરમાં ઉનાળું રાત્રિની રોનક નિખરી : સ્વર્ણિમ પાર્ક ગેમીંગ ઝોનમાં ફેરવાયો

સાંજ ઢળતા જ સર્કલો અને ઉદ્યાનોમાં ભીડ ઉભરાય છે : રાત્રિની ઠંડકમાં ચેસ, કેરમ, બેડમિન્ટન સહિત ગિટારની ટ્યૂન પણ સંભળાય છે

(તસવીર : નિકેશ બારોટ)

ગાંધીનગર, તા. ૫

ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. દિવસ ચઢતા જ અંગજઝાડી દે તેવા વિકરાળ સૂર્યના કીરણોથી માનવજીવન મૂર્ઝાઈ જાય છે. આકરા તાપથી બચવા દિનભર નાગરિકો ઘરમાં પૂરાઈ રહેતા શહેરી જનજીવનમાં પણ અનોખો સન્નાટો છવાયેલો જોવા મળે છે. દિવસની અસહ્ય ગરમીથી બેહાલ બનતા નાગરિકો ઢળતી સાંજ બાદ રાત્રિની હળવી ઠંડકમાં લટાર મારવા નીકળી પડે છે. શહેરના સર્કલો અને ઉદ્યાનોમાં ઉનાળુ રાત્રિની રોનક નિખરી છે. સ્વર્ણિમ પાર્ક તેમજ ટાઉનહોલ સામેનો વિસ્તાર રાત્રિના સમયે એક પિકનીક સ્પોટ જેવો બની જાય છે. ઉદ્યાનમાં ઠંડા પીણા અને નાસ્તાની ઉજવણી સાથે વિવિધ ગેમ્સ પણ આકર્ષણનું કેન્દ્ર બની છે. સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં ઠંડા પવનની લહેરખી વચ્ચે બેડમિન્ટન, ચેસ, કેરમ જેવી રમતો સાથે ગિટારની મીઠી ટ્યૂન પણ શહેરીજનોને ગરમીના થાકમાં રાહત આપે છે.

ગાંધીનગરમાં દિન-પ્રતિદિન ગરમીનો પારો ઊંચો ચડતો જાય છે. શહેરીજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ગરમીથી દિવસ દરમિયાન ઘરમાં પૂરાઈ રહેતા નગરજનો ગરમીથી રાહત મેળવવા ઘ-૪ના બગીચામાં તેમજ સ્વર્ણિમ પાર્કમાં રાત્રે આવે છે. મોડે સુધી બેસતા નગરજનોને ઠંડી હવા દિવસ દરમિયાનનો થાક ભૂલાવી દે છે. શહેરના નાગરિકો સ્વર્ણિમ પાર્ક તેમજ ઘ-૪ના ગાર્ડનમાં પોતાના પરિવારો સાથે આવે છે અને વિવિધ રમતો અને નાસ્તાની મોજ માણે છે. નાના બાળકોથી માંડી વયોવૃદ્ધ ગાર્ડનમાં બેસી ઠંડકની મજા માણે છે. ગાર્ડનમાં આવતા શહેરીજનો આસપાસ ઉભી રહેતી નાસ્તાની લારીઓ તેમજ ગરમીમાં ઠંડક મેળવવા માટે બરફના ગોળા અને વિવિધ કલરોથી બનાવેલી બરફની ડીશનો આનંદ માણે છે.

આ વિસ્તાર સાંજ ઢળતાં જ પિકનીક પોઇન્ટ બની જાય છે. ગાર્ડનમાં નાના બાળકો પોતાના પરિવાર સાથે બેડમિંગ્ટન, કેરમ, ચેસ, ઢોડપકડ, આંધળોપાટ્ટો, ક્રિકેટ, ખો..ખો.. જેવી રમતો રમે છે તેમજ ઠંડકમાં સંગીતની નવી ધૂન વગાડતા યુવાનો પણ નજરે ચડે છે.

દહેગામ પોલીસે ગણતરીના કલાકોમાં ગઠિયા પકડ્યા

૭.૯૦ લાખની બેગ આંચકીને ભાગેલા બન્ને ઝડપાઈ ગયા

ગણતરીના કલાકોમાં દહેગામ પોલીસે છારાનગર ખૂંદી નાંખી રૂપિયાના ભાગ પાડતી વખતે જ બન્ને શખ્સોને પકડી પાડ્યા : અન્ય શખ્સોની સંડોવણી હોવાની શકયતા

ગાંધીનગર, તા. ૫

દહેગામ ખાતે ધોળેદિવસે ગઈકાલે આચાર્યના હાથમાંથી રૂ. ૭.૯૦ લાખ રોકડા ભરેલી બેગ આંચકી પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો ફરાર થઈ ગયા હતા. આ બન્ને ગઠીયાઓને ગણતરીના કલાકોમાં પકડી પાડવામાં દહેગામ પોલીસને સફળતા મળી છે. બન્ને આરોપીઓ રૂપિયાના ભાગ પાડી રહ્યા હતા તે જ સમયે છારાનગરમાં ત્રાટકીને બન્નેને રૂપિયા સાથે પકડી પાડ્યા હતા. દહેગામ પોલીસની આ પ્રશંસનીય કામગીરીને આચાર્ય સહિત નગરજનોએ પણ બિરદાવી છે. પોલીસે બન્નેની ધરપકડ કરીને રૂ. ૭.૯૦ લાખ રોકડા રીકવર કરી લીધા છે અને ઊંડી પૂછપરછ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

દહેગામ તાલુકાના કલ્યાણજીના મુવાડાની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા મહેન્દ્રકુમાર પ્રભુદાસ પટેલ તેમના મિત્રને લઈને દહેગામ એ.ડી.સી. બેંકમાંથી લોનના રૂ. ૭.૯૦ લાખ ઉપાડવા ગયા હતા. પૈસા ઉપાડીને બેગમાં નાંખી બાઈક લઈને તુલસી રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા. બહાર નિકળ્યા ત્યાં સુધીમાં બાઈક પંચ થઈ ગયેલું હતું. બાઈકને ધક્કો મારીને બન્ને જઈ રહ્યા હતા તે દરમિયાન બે શખ્સો પલ્સર પર આવ્યા અને રૂ. ૭.૯૦ લાખ ભરેલી બેગ આચાર્ય પાસેથી આંચકી બન્ને નરોડા તરફના રોડ પર રફ્ફુચક્કર થઈ ગયા હતા. દહેગામ પોલીસ મથકનાં પી.આઈ. પંડ્યાએ તાબડતોડ તેમને પકડવા માટેની ગતિવિધિઓ શરૂ કરી દરમિયાન દહેગામ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને બન્ને ગઠીયાઓને રૂ. ૭.૯૦ લાખ સાથે જ ઝડપી લેવામાં આવ્યા હતા. છારાનગરમાં રહેતા રોહિત ઊર્ફે કાળીયો દલપત ધર્મડે અને વિરીયો ઊર્ફે વિરસિંહ મોરીયા ભાંગલેક બન્ને શખ્સોની ધરપકડ કરી રૂ. ૭.૯૦ લાખ રીકવર કરી લેવામાં આવ્યા છે. ખૂબ જ ઓછા સમયમાં ટોટલ રોકડ રીકવરી સાથે થયેલું ડીટેકશન પ્રશંસનીય ગણી શકાય. દહેગામ પોલીસે બન્ને ગઠીયાઓની પૂછપરછ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

આચાર્યની હિલચાલ વિશે કોઇ માહિતી આપી ગઠીયાઓને મદદ કરતું હોવાની શંકા

આચાર્ય લોનના રૂપિયા લેવા બેંકમાં ગયા ત્યાંથી જમવા તુલસી હોટલમાં ગયા ત્યાં સુધીની તમામ માહિતી ગઠીયાઓ પાસે હતી. હોટલમાંથી જમીને નીકળ્યા ત્યાં સુધીમાં ગઠીયાઓએ પંચર પણ કરી નાખ્યું... આ શંકાસ્પદ બાબતોથી પોલીસને શંકા છે કે તેમને કોઇ બીજા શખ્સો મદદ કરી રહ્યા હતા. અન્ય કોઇની આ ગુનામાં મદદગારી છે કે કેમ? તેની પણ તપાસ ચાલી રહી છે.

ગઠીયાઓએ જ બાઈકને પંચર કર્યું હતું

દહેગામ નજીકની તુલસી રેસ્ટોરન્ટમાં જ્યારે આચાર્ય અને તેમના મિત્ર જમવા ગયા તે દરમિયાન કોઈએ તેમના બાઈકને પંચર કરી નાંખ્યું હતું. હોટલનો કેમેરો ચેક કરતાં બહાર આવ્યું હતું કે આ બાઈકનું પંચર કરનાર શખ્સોએ જ ચિલઝડપ કરી હતી. પંચર થયેલા બાઈકને ધક્કો મારીને આચાર્ય લઈ જતાં હોય તે દરમિયાન સરળતાથી બેગ આંચકી શકાય તે માટે પંચર કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

પાંચ પંચાયતના ઈ-ગ્રામ સેન્ટરો હવે મતદાર સહાયતા કેન્દ્રો તરીકે સેવા આપશે

પાટલોટ પ્રોજેક્ટ હેઠળ સરઢવ, રૂપાલ, રાંધેજા, વાવોલ અને મોટી આદરજ ગ્રામ પંચાયતની થયેલી પસંદગી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની પાંચ ગ્રામ પંચાયતોના ઈ-ગ્રામ સેન્ટરો હવે મતદાર સહાયતા કેન્દ્રો તરીકે પાયલોટ પ્રોજેક્ટ હેઠળ કામગીરી કરશે.

ભારતના ચૂંટણી પંચે આ પાંચ ગ્રામ પંચાયતોના ઈ-ગ્રામ સેન્ટરોમાં મતદાર સહાયતા કેન્દ્ર માટે ફી વસૂલવાની પણ મંજૂરી આપી દીધી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના સરઢવ, મોટી આદરજ, રાંધેજા, વાવોલ અને રૂપાલ ગામની આ માટે પસંદગી કરવામાં આવી છે. આ મતદાર સહાયતા કેન્દ્રો આગામી ૧૩ મે થી કાર્યરત કરી દેવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મતદાર સહાયતા કેન્દ્ર પર ઓનલાઈન નામ છે કે નહિ તે જોવા માટે રૂ. બે ચૂકવવાના રહેશે. તો પોતાનું નામ દાખલ કરાવવા માટે રૂ. ૧૦ ચૂકવી ફોર્મ નં. ૬ ઓનલાઈન ભરવાનું રહેશે. નામ કમી કરાવવા કે સ્થળાંતર કરાવવા માટે પણ રૂ. ૧૦ ફી પેટે ચૂકવવાના રહેશે.

ડુપલીકેટ ફોટો ઓળખકાર્ડ મેળવવા માટે રૂ. ૩૫ ફી ભરવાની રહેશે. આ મતદાર સહાયતા કેન્દ્રો શરૂ કરી અને તેમાં મળેલા પ્રતિસાદને ધ્યાને લઈ ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણી પૂર્વે રાજ્યના તમામ ગામોને આવરી લેવાનું વિચારી રહ્યું હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ પંચે આ પંચાયતોની પસંદગી કરી જિલ્લા તંત્રને તેની જાણ પણ કરી દીધી છે અને તંત્રએ આ માટે પંચાયતોને પણ તેની વિધિવત્ જાણ કરી દીધી છે.

ઈ-ગ્રામ સેન્ટરો આર્થિક રીતે સક્ષમ બનશે તેમજ લોકોને ઘરઆંગણે સીધી સેવાઓ ઉપલબ્ધ બનશે તેવો હેતુ આ પાછળ રહ્યો છે.

ગુજરાતના એક લાખથી વધુ વિદ્યાર્થિઓએ પરીક્ષા આપી

મોડેથી આવનાર વિદ્યાર્થીઓને પરીક્ષાથી વંચિત રખાતા ભારે હોબાળો થયો : વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા

અમદાવાદ, તા.૫

ધોરણ-૧૨ સાયન્સ પછી મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પરીક્ષાના વિવાદ વચ્ચે રવિવારે દેશભરમાં નીટની પરીક્ષા યોજાઈ હતી. વિદ્યાર્થીઓમાં પરીક્ષાને લઈને ભારે ઉત્તેજના અને ઉત્સુકતા દેખાઈ રહી હતી.

વિદ્યાર્થીઓ દૂર ગામી વિસ્તારોથી સમયસર પરીક્ષા કેન્દ્રોમાં પહોંચ્યા હતા. પરંતુ કેટલીક જગ્યાએ વિદ્યાર્થીઓ મોડેથી પહોંચતા હોબાળો થયો હતો. નીટની પરીક્ષામાં ગુજરાતના એક લાખથી પણ વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. રાજ્યમાં માત્ર અમદાવાદ, વડોદરા અને સુરત એવા ગણતરીનાં કેન્દ્રોની જ ફાળવણી કરાઈ હતી. જેના અંતર્ગત ઉતર ગુજરાત, કચ્છ,સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે અમદાવાદ આવવું પડયુ હતું. દૂરથી આવતા વિદ્યાર્થીઓએ ઘણી અડચણોનો સામનો કરવો પડયો હતો. માત્ર થોડી મિનિટોજ મોડું થતાં વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા દેવામાં આવી નહોતી. જેના પગલે વિદ્યાર્થીઓએ હોબળો મચાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ધોરણ -૧૨ સાયન્સ પછી મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દેશભરમાં એક સ્તર ઉપર નીટની પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણયને કેટલાંક વિદ્યાર્થીઓએ સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો હતો. હાલમાં આ મુદ્દો સુપ્રિમ કોર્ટમાં પડતર છે. અને સંભવતઃ ૯ મે ના રોજ સુપ્રિમ કોર્ટ આ મામલે ચુકાદો કરે તેવી સંભાવના છે. ગુંચ યથાવત રહી છે.

નર્મદા યોજનામાં મુખ્યમંત્રીની ગુનાહીત બેદરકારી દેખાય છે

કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલનો સીધો આક્ષેપ : જુઠ્ઠાણા ફેંકવાના બદલે મોદીએ મધ્યપ્રદેશના મુખ્યમંત્રીને ગુજરાતનું અહીત કરતા રોકવાના પ્રયાસ કરવા જોઈએ

ગાંધીનગર, તા.૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે આજે જણાવ્યું હતું કે, જુઠ્ઠાણાં ફેંકવાના બદલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પહેલા તેમની જ પાર્ટીના મધ્યપ્રદેશના મુખ્યમંત્રીનું અહિત કરતા રોકવાના પ્રયાસ કરવા જોઈએ. ગોહિલે કહ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રીએ ૨૦૦૫માં વિશાળ મેદની ભેગી કરીને પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે નર્મદાનીર સરસ્વતી સમ્માનના નામે મોટો તાયફો કર્યો હતો.

રાજ્યના અગ્રણી સંતોને ઉપસ્થિત રાખવામાં આવ્યા હતા. મોદીના તે દિવસના પ્રવચનના અક્ષરસહ પ્રસિદ્ધ થયેલા અંશોને રજુ કરીને શક્તિસિંહે કહ્યું કે, મુખ્યમંત્રીએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે, સરસ્વતીના પેટાળમાં ચેકડેમ છે. તેમાં રોજના ૭૦ થી ૮૦ ક્યુસેક પાણી કેનાલ અને પાઈપલાઈન મારફતે છોડીને નદીમાં વહેવડાવવામાં આવશે. ૧૨ માસ સિદ્ધપુરના સિમાડા સુધી પાણી ભરેલુ રહેશે. ૨૦૦૫માં લાખો રૂપિયા પ્રજાની તીજોરીના વેડફી ૨૦૦૦ જેટલી બસ રોકી રાખી તાયફા કરવામાં આવ્યા હતા.

શક્તિસિંહે દાવો કર્યો હતો કે, તાયફા પછી સિદ્ધપુરના પાદર સુધી પાણી ભરેલુ રહેવાનું જુઠ્ઠાણું ફેંકનાર મુખ્યમંત્રીને આજે પણ નદીના પટમાં ક્રિકેટ રમતા છોકરાઓને જોઈ શકાય છે. નદીમાં ૨૦૦૫ના મુખ્યમંત્રીના વચન પછી એકપણ વખત નર્મદાનું પાણી ભરાયું નથી. પોતાના જુઠ્ઠાણા માટે ૧૫૦થી વધુ સંતોને મોદીએ હાજર રાખ્યા હતા. નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી છે. ભૂતકાળમાં તમામ રાજકીય પક્ષો સાથે મળીને રાજકીય પક્ષપાતથી ઉપર ઉઠીને આ માટે લડતા હતા. કમનસીબે મુખ્યમંત્રીએ આ પરંપરા તોડી છે. નર્મદા યોજનામાં પોતે કરેલી ગુનાહીત બેદરકારીને ઢાંકવા અન્ય પક્ષોને દૂર રાખવામાં આવી રહ્યાં છે. ગુજરાતના ભાગે આવતા ૯એકર મિલીયન ફૂટ પાણી કરતા પણ વધારે પાણી ગુજરાતને ઉપલબ્ધ છે. સરપ્લસ પાણી વાપરવા માટે આયોજન કરવા મોદી નિષ્ફળ રહ્યા છે. ગુજરાત સરપ્લસ પાણીનો ઉપયોગ કરી શકે છે. મધ્યપ્રદેશ દ્વારા જે મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવ્યા હતાં તેના લીધે ગુજરાતને તકલીફ થઈ છે.

સાબરમતી નદીમાં નહાવા પડેલાં બે યુવાનોનાં મોત

અમદાવાદ, તા. ૫

સાબરમતી નદીમાં નહાવા પડેલા બે યુવાનોનું નદીમાં ડુબી જવાથી મોત થતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી જવા પામી હતી.

મેચ રમીને નદીમાં નહાવા પડેલા બંને યુવાનો નદીમાં કાદવમાં ફસાઈ ડૂબી જતાં મોત નિપજ્યાં હતાં. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરાતાં કાફલાએ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ બંને યુવાનોનાં મૃતદેહ બહાર કાઢી પીએમ માટે મોકલી આપ્યા હતા. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી.

ઘટનાની મળતી મહિતી મુજબ શહેરનાં જમાલપુર વિસ્તારમાં આવેલી કોટની રાંગમાં રહેતો મોહસીન મહંમદ ફારૂક અંસારી (૬.૨૫) તેમજ અનીસ મહંમદ હનીફ બિલાદર (૬.૨૦) તેના મિત્રો સાથે બપોરે ૧૨.૦૦ વાગ્યે એલિસબ્રિજ નીચે આવેલા સાબરમતી નદીનાં પટમાં ક્રિકેટમેચ રમવા ગયા હતાં. મેચ રમ્યા બાદ બંને મિત્રો સાબરમતી નદીમાં નહાવા પડ્યા હતા.

RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11, Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com